
# નરેન્દ્ર મોદી સાથે કેજરીવાલની મુલાકાત

નવી દિલ્હી,તા. ૧૨

આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભાવિ મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલ આજે સવારે વડાપ્રદાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. તેમના વચ્ચે વિવિધ પાસા પર ચર્ચા થઇ હતી. વાતચીત દરમિયાન કેજરીવાલે દિલ્હીના અધિકારોની માંગ કરી હતી. બીજી બાજુ મોદીએ કેજરીવાલને સંપૂર્ણ સહકારની ખાતરી આપી હતી. કેજરીવાલે આ વાતચીત દરમિયાન તેમની મુખ્યપ્રધાન તરીકેની શપથવિધીમાં ભાગ લેવા મોદીને આમંત્રણ આપ્યું હતુ. જો કે મોદીએ કહ્યું હતું કે તેમની મહારાષ્ટ્ર યાત્રા પહેલાથી જ નક્કી હોવાથી તેઓ ભાગ લઈ શકશે નહી. કેજરીવાલની સાથે વાતચીત દરમિયાન તેમના સાથી મનીષ સિસોદિયા પણ હતા. બન્ને નેતાઓ સાડા દસ વાગ્યાની આસપાસ પીએમ આવાસ પર પહોંચી ગયા હતા. દિલ્હી ચૂંટણીમાં ભારે બહુમતિ મેળવી લીધા બાદ કેજરીવાલે કેન્દ્રિય પ્રધાનો સાથે વાતચીત શરૂ કરી છે. થોડાક સમયની બેઠકમાં પીએમે ફુલના ગુલદસ્તા સાથે કેજરીવાલનુ સ્વાગત કર્યું હતુ. ત્યારબાદ મોદીએ કેજરીવાલ અને સિસોદિયા સાથે હાથ મિલાવ્યા હતા. દેશના સૌથી લોકપ્રિય નેતા અને દિલ્હીના સૌથી લોકપ્રિય નેતાની આ પ્રથમ બેઠક હતી. કેજરીવાલ શનિવારે દિલ્હીના



મુખ્યપ્રધાન તરીકે શપથ લેનાર છે.

મુલાકાત બાદ તેમની સાથે રહેલા મનીષ સિસોદિયાએ માહિતી આપતા કહ્યું હતું કે પીએમ શનિવારે મહારાષ્ટ્ર જઈ રહ્યા છે. જેથી તેઓ શપથવિધીમાં ભાગ લેનાર નથી. સિસોદિયાએ કહ્યુ હતું કે વાતચીત દરમિયાન કેજરીવાલે દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવાની વાત કરી હતી. જે અંગે મોદીએ કહ્યુ હતું કે આ સંબંધમાં ચોક્કસપણ ચર્ચા કરવામાં આવશે. મોદીએ દિલ્હીના વિકાસમાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી પણ આપી છે. દિલ્હી ચૂંટણીમાં હાલમાં સ્પષ્ટ બહુમતિ મળી છે. દિલ્હીમાં સરકાર બને તે પહેલા કેજરીવાલ એક્શનમાં છે. કેજરીવાલ અને મનીષ સિસોદિયા ગઈકાલે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહ અને શહેરી વિકાસ પ્રધાન વેંકેયા નાયડુને મળ્યા હતા. તેમની સાથે વિવિધ મામલે ચર્ચા કરવામાંઆવી હતી.

# વર્લ્ડકપની રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત

ક્રાઈસ્ટચર્ચ-મેલબોર્ન,તા. ૧૨

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે વર્લ્ડ કપ ૨૦૧૫ની રંગારંગ અને શાનદાર કાર્યક્રમ વચ્ચે આજે શરૂઆત થઈ ગઈ હતી. રંગારંગ કાર્યક્રમ વચ્ચે ક્રિકેટ વિશ્વકપનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયામાં રંગારંગ કાર્યક્રમો યોજાયા હતા. હેંગ્લે પાર્કમાં હજારો દર્શકોની હાજરીમાં ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં ૨૩ વર્ષ અગાઉ થયેલા વિશ્વકપના ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરાયુંહતું. રંગારંગ કાર્યક્રમ બાદ આતશબાજીનો નજારો જોવા મળ્યો હતો. ઓસ્ટ્રેલિયાની સાથે સાથે ન્યુઝીલેન્ડમાં પણ કાર્યક્રમોનું આયોજન થયુંહતું. સંસ્કૃતિના નજારા પણ જોવા મળ્યા હતા. સમારોહમાં બાળકો અને જાણિતા ક્રિકેટરો પણ જોડાયા હતા. વેસ્ટઈન્ડિઝના સ્ટીલ બેન્ડ, સ્કોટલેન્ડ અને આયર્લેન્ડના કલાકારો દ્વારા પણ કાર્યક્રમો રજૂ કરાયા હતા. હજારો સ્પર્ધકોએ લોકોને




મનોરંજન આપ્યું હતું. ન્યુઝીલેન્ડના કેપ્ટન મેક્કુલમે કહ્યુંહતુંકે, તેમની ટીમ આ વખતે ચાહકોને નિરાશ કરશે નહીં. ૧૪ ટીમો અને લાખો ચાહકો સાથે ૧૧માં વિશ્વકપની શરૂઆત થઈ હતી. બે દિવસ બાદ ટુર્નામેન્ટની પ્રથમ મેચ રમાશે. એકબીજાથી ૨૪૦૦ કિલોમીટરના અંતરે સ્થિત બંને શહેરો એક બીજાથી પાછળ રહ્યા ન હતા. મેલબોર્નમાં ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજાયો હતો. મેલબોર્નમાં ૪૦ લાખથી વધુની વસ્તી છે. બીજી બાજુ ન્યુઝીલેન્ડના ત્રીજા સૌથી મોટા વસતી ધરાવતા ક્રાઈસ્ટચર્ચમાં ૩૬૭૦૦૦ની વસતી છે. બપોરે ભારતીય સમય મુજબ બે વાગ્યાથી પાંચ વાગ્યા સુધી આનો કાર્યક્રમ ચાલ્યો હતો. વિશ્વભરમાં આનુ પ્રસારણ કરાયું હતું. વિશ્વના એક અબજ કરતા પણ વધુ ચાહકો વર્લ્ડ કપની મેચો નિહાળનાર છે. ૨૦૦થી વદારે દેશોમાં રહેતા ક્રિકેટ ચાહકો ઉત્સુકતાપૂર્વક વર્લ્ડ કપની રહ જોઈ રહ્યા છે. આ વખતે યજમાન દેશ ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડને ૩૬૬ મિલિયન ડોલરનો આર્થિક ફાયદો થઈ શકે છે. વર્ષ ૨૦૧૧માં યોજાયેલા વર્લ્ડ કપમાં ૧.૨૦ મિલિયન ટિકિટો વેચાઈ હતી. આ વખતે તેના કરતા વધારે ટિકિટો વેચાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. વેલેન્ટાઈન ડેના દિવસથી ક્રિકેટ વર્લ્ડ કપની શરૂઆત થઈ રહી છે. ૪૩ દિવસના ગાળામાં કુલ ૪૨ ૪૨ રમાનાર છે. આ વખતે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાનાર મેચ દરમિયાન અમિતાભ બચ્ચન પણ કોમેન્ટરી કરનાર છે. તમામ મેચો ભારતીય સમય મુજબ સવારે રમાશે જેથી લોકોને ઉજાગરા કરવાની પણ જરૂર પડશે નહી. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ દ્વારા સંયુક્તરીતે આ વખતે વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યુ છે. ૧૧માં ક્રિકેટ વર્લ્ડ કપને લઈને ભારે ઉત્સાહ છે. વર્લ્ડ કપની મેચો ૧૪મી ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે. વર્લ્ડ કપ દરમિયાન કુલ ૪૯ મેચો રમાશે. કુલ ૧૪ ટીમો ભાગ લઈ રહી છે. રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ૧૪ ટીમોની સાથે સાથે ૪૦૦ એક્રીડેટેડ ખેલાડી અને અધિકારીઓ આમાં ભાગ લઈ રહ્યા છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામા આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. ૨૦૧૧માં પણ ૧૪ ટીમોએ બાગ લીધો હતો. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ મિલિયન ડોલરની રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. ટીમના દેખાવ મુજબ ઈનામી રકમ મળશે. જેથી વિજેતા ટીમ એક પણ મેચમાં હારશે નહી તો તેને ૪૨૪૫૦૦૦ ડોલર મળશે.

# ગારને વધુ બે વર્ષ સુધી મોકુફ રખાય તેવી પ્રબળ સંભાવના

નવી દિલ્હી,તા. ૧૨

બિઝનેસ માહોલને આદર્શ બનાવવા માટે કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકાર હવે વિવાદાસ્પદ અને ભારે દહેશત ઉભી કરનાર જનરલ એન્ટી એવોઈડન્સ રુલ્સ (ગાર)ને આશરે બે વર્ષ સુધી મોકુફ કરવામાં આવે તેવી શક્યતા છે.

ભારતમાં વેપાર અને મુડીરોકાણના ચિત્રને વધારે સાનુકુળ બનાવવા માટેની તૈયારી મોદી સરકારે કરી લીધી છે. ભારત વિશ્વના અનેક દેશો સાથે ડબલ ટેક્સેશન એવોઈડન્સ સમજુતી ધરાવે છે. અગાઉ કેટલીક વખત મોકુફ કરવામાં આવ્યા બાદ ગારને પહેલી એપ્રિલથી અમલી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ગારમાં કેટલીક જોગવાઈને લઈને ભારે દહેશત છે. રોકાણકારો આને લઈને ચિંતિત દેખાયા છે. અગાઉના નાણાંપ્રદાન પી. ચિદમ્બરમે પણ ગારને મોકુફ રાખવાની જાહેરાત કરી હતી. મોદી સરકાર દેશમાં મોટા પાયે વિદેશી રોકાણ લાવવા માટે ઈચ્છુક છે. બજેટમાં મોદી સરકાર માટે કેટલાક પડકારો રહેલા છે. દિલ્હીની ચૂટણીમાં કારમી હાર થયા બાદ મોદી સરકાર કયા લોકપ્રિય પગલા લેશે તેના પર તમામની નજર રહેશે. ભારતને મેન્યુફેકચરિંગ હબ બનાવવા માટે સરકારની યોજના બજેટમાં ભારે જોગવાઈ કરવાની છે. સ્થાનિક મેન્યુફેકચરિંગને પ્રોત્સાહન આપવા માટે ટેક્સમાં રાહત સૌથી સરળ વિકલ્પ છે. સ્પેશિયલ ઈકોનોમિક ઝોન પર એમએટીને પરત લઈને તેજી લાવવાની જરૂર છે. ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરનેગતિ આપવી પડશે. નાણાંકીય નિયમોમાં વધારેરાહત આપવાની જરૂર દેખાઈ રહી છે.રેટ્રોસ્પપેક્ટિવ ટેક્સ કોઈને સ્વીકાર્ય રહેશે નહી.

# વર્ષ ૨૦૧૫માં એએપી કોઇ રાજ્યમાં ચૂંટણી લડશે નહી

## બિહાર વિધાનસભા ચૂંટણીમાં મેદાનમાં ન ઉતરવા નિર્ણય


નવી દિલ્હી,તા. ૧૨

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં ઐતિહાસિક જીત મેળવી હોવા છતાં આમ આદમી પાર્ટીએ આ વર્ષે કોઈ પણ રાજયમાં વિધાનસભાની ચૂંટણી નહી લડવાનો નિર્ણય કર્યો છે. પાર્ટીના ટોચના સુત્રોએ આ મુજબની માહિતી આપી છે.સુત્રોએ કહ્યું છે કે બિહારમાં ઓક્ટોબરમાં યોજાનાર ચૂંટણીમાં મેદાનમાં નહી ઉતરવાનો નિર્ણય કર્યો છે. દિલ્હીમાં શાનદાર જીત મેળવી લીધા બાદ ક્ષેત્રીય નેતા અને સભ્યો પાર્ટી પર અન્ય રાજ્યોમાં ચૂંટણી લડવા માટે દબાણ લાવી રહ્યા છે પરંતુ પાર્ટી હાઈ કમાન્ડ તેના તરફેણમાં નતી. પાર્ટી નેતાએ એક અગ્રણી અંગ્રેજી અખબાર સાથેની વાતચીતમાં કહ્યુ હતું કે ડિસેમ્બર ૨૦૧૩માં વિધાનસભાની ચૂંટણીમાં જોરદાર દેખાવ બાદ છ મહિના બાદ થયેલી ચૂંટણીમાં લોકસભાની ચૂંટણીમાં એપીપીના નેતા મેદાનમાં ઉતર્યા હતા. પરંતુ તેમની કફોડી હાલત થઈ હતી. તેમની પાર્ટી કોઈ જગ્યાએ જીતી શકી ન હતી. જેથી પાર્ટી વર્ષ ૨૦૧૪માં થયેલી ભુલોનુ પુનરાવર્તન કરવા ઈચ્છુક નથી. લોકસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના ૪૧૫થી વધારે ઉમેદવારોએ ડિપોઝિટ પણ ગુમાવી હતી. દિલ્હીના ભાવિ મુખ્યપ્રદાન કેજરીવાલ પણ આવો જ અભિપ્રાય ધરાવે છે. તેમણે કહ્યું હતું કે હાલમાં રાષ્ટ્રીય સ્તરે મેદાનમાં ઉતરવામાં આવસે નહી. વર્ષ ૨૦૧૫માં કોઈ ચૂંટણી લડવામાં આવશે નહી. પાર્ટીની સેન્ટલ લીડરશીપને લાગે છે કે પાર્ટીની પાસે અન્ય રાજ્યોમાં ચૂંટણી લડવા માટે સંગઠન અને સંશાધન નથી. પાર્ટીના નેતાએ કહ્યું છે કે વિશ્વસનીય ચહેરા પણ નથી. હવે કેજરીવાલ અને અન્યો હાલ માત્ર દિલ્હીમાં મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવાની ઈચ્છા ધરાવે છે. જો કે પાર્ટીએ પંજાબમાં વિધાનસભાની ચૂંટણી લડવાની શક્યતાને નકારી નથી. પંજાબમાં બે વર્ષમાં ચૂંટણી યોજનાર છે. લોકસભાની ચૂંટણીમાં કેજરીવાલની પાર્ટીની કારમી હાર થઈ હતી.

# મનીષ સિસોદિયા દિલ્હીના નાયબ મુખ્યમંત્રી બનશે

નવી દિલ્હી,તા. ૧૨

એએપીના વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયાને દિલ્હીના નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. અરવિંદ કેજરીવાલના



સૌથી વિશ્વાસુ તરીકે સિસોદિયાને ગણવામાં આવે છે. જ્યારે રામનિવાસ ગોયલને દિલ્હી વિધાનસભાના અધ્યક્ષ બનાવવામાં આવશે. વંદનાકુમારીને નાયબ અધ્યક્ષ બનાવાય તેવી શક્યતા છે. બુધવારે મોડી રાત્રે કેજરીવાલના નિવાસ સ્થાને એએપીની રાજકીય બાબતોની કમેટીની બેઠક મળી હતી. જેમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી.

સિસોદિયાને જવાબદારી સોંપવામાં આવી રહી છે. કારણકે મુખ્યમંત્રી કેજરીવાલ રાષ્ટ્રીયસ્તરે પાર્ટીને મજબુત કરવા ઉપર ધ્યાન કેન્દ્રીત કરી શકે છે. એએપીને નીચલા સ્તરે મજબુત કરવામાં સિસોદિયાની ભૂમિકા રહેલી છે. ગયા વર્ષે લોકસભાની ચુંટણીમાં એએપીની તમામ સાત બેઠકો પર હાર થઈ હતી. તેઓ અગાઉની સરકારમાં પીડબલ્યુડી અને શિક્ષણ પ્રધાન તરીકે હતા. ૪૯ દિવસની એએપીની સરકારે લોકપાલના મુદ્દે ગયા વર્ષે ૧૪મી ફેબ્રુઆરીએ રાજીનામું આપ્યું હતું. શનિવારના દિવસે સિસોદિયા, અન્ય કેજરીવાલની સાથે રામલીલા મેદાન ખાતે શપથ લેશે. સિસોદિયાએ વિનોદકુમાર બિન્ની ઉપર જીત મેળવી હતી. સિસોદિયા ઝી ન્યુઝમાં પત્રકાર તરીકે પણ કામ કરી ચુક્યા છે.

**હાઈવે ઉપર લોકોને ગુંચવણથી બચાવી શકાશે**

# મહિનાના અંત સુધી ૧૨૫ ટોલ પ્લાઝા રદ કરી દેવાશે

નવીદિલ્હી, તા. ૧૨

કેન્દ્રીય માર્ગ પરિવહન નીતિન ગડકરીએ આજે કહ્યું હતું કે, સરકાર મહિનાના અંત સુધી ૧૨૫ ટોલ પ્લાઝાને રદ કરશે. હાઈવે ઉપર કરથી સામાન્ય લોકોને રાહત આપવાના હેતુસર સરકારે જાહેરાત કરી છે કે, તે ફેબ્રુઆરીના અંત સુધી દેશમાં ૧૨૫ ટોલ પ્લાઝાને રદ કરશે. તેમણે કહ્યું હતું કે, આશરે ૬૫ રોડ પ્રોજેક્ટો માટે ટોલ વસુલાતને પહેલાથી જ રોકી દેવામાં આવી છે. સરકારે માર્ગ પ્રોજેકટોને ટોલ ફ્રી કરવાનો પણ નિર્ણય કર્યો છે. જ્યાં ૫૦ કરોડથી ઓછુ મૂડીરોકાણ આવ્યું છે તે માર્ગ પ્રોજેક્ટોને ટોલ ફ્રી કરવામાં આવશે. દેશમાં શરૂ કરવામાં આવેલી ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન સિસ્ટમથી ૮૮૦૦૦ કરોડ રૂપિયા બચત થશે. સાથે સાથે નોંધપાત્ર રીતે ટોલ પ્લાઝા સાથેનો સમય બચશે. ઈન્ડિયા આઈઆઈએમ કોલકાતાના ભાગરુપે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેતા તેમણે કહ્યું હતું કે, અભ્યાસ કહે છે કે, ચેકપોસ્ટ અને ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શન ખાતે જુદા જુદા વિલંબના લીધે ૬૦૦૦૦ કરોડનું નુકસાન થઈ ચુક્યું છે. ૮૮૦૦૦ કરોડની બચત થઈ શકી હોત. પ્રધાને ઉમેર્યુ હતું કે, મુંબઈ-દિલ્હી રુટ ઉપર ૩૫૦ ટોલ પોઈન્ટ પૈકી ૧૪૦ના ઈ ટોલ પ્રોઈન્ટમાં ફેરવી દેવામાં આવ્યા છે. દેશમાં ઈટોલ વર્કની કામગીરીને પૂર્ણ કરી લેવાયા બાદ ૮૮૦૦૦ કરોડની બચત થઈ શકશે. દેશભરમાં ઈલેક્ટ્રોનિક ટોલ કલેક્શનને અમલીકરણ કરવાના પ્રયાસ કરાશે. ઈન્ડિયન હાઈવે મેનેજમેન્ટ કંપની લિમિટેડની રચના કરવામાં આવી ચુકી છે. એનએચએઆઈ પાસેથી ૨૫ ટકા ઈક્વિટી ભાગીદારી મેળવવામાં આવી રહી છે. માર્ગ પરિવહનના ક્ષેત્રમાં જુદા જુદા પગલા ભરવામાં આવી રહ્યા છે. લોકોને વધુ રાહત આપવાનો આની પાછળ મુખ્ય હેતુ રહેલો છે. આવનાર દિવસોમાં વધુ સુવિધા ઉભી કરાશે.

# સુનંદા હત્યા કેસમાં શશી થરૂરની આકરી પૂછપરછ

નવી દિલ્હી,તા. ૧૨

કેન્દ્રીય પ્રધાન શશી થરુરની આજે સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં પાંચ કલાકથી પણ વધુ સમય સુધી આકરી પૂછપરછ કરવામાં આવી હતી. દિલ્હી પોલીસની એસઆઈટી દ્વારા આ પૂછપરછ થઈ હતી. શશી થરુરની બીજી વખત પૂછપરછ થઈ છે. ડીસીપી પીએસ કુશવા અને વરિષ્ઠ ઈન્સપેક્ટર રાજેન્દ્રસિંહ દ્વારા આ પૂછપરછ કરાઈ હતી. સીટે વધુ ૨૦ પ્રશ્નો કર્યા હતા. શશી થરૂર સવારે ૧૦.૩૦ વાગ્યે સરોજનીનગર પોલીસ સ્ટેશનમાં પહોચી ગયા હતા. તેમની સાથે અન્ય કારમાં વકીલોની એક ટુકડી પણ હતી. સરોજનીનગરથી શશી થરૂરને ૧૧.૩૦ વાગ્યે વસંતવિહાર ખાતેની સીટની ઓફિસમાં લઈ જવાયા હતા. પૂછપરછ માટે થરુરના નોકર નારેણસિંહ અને બજરંગીને પણ બોલાવાયા હતા. થરુરને આઈપીએલ સાથે સંબંધિત મુદાઓ ઉપર પ્રશ્નો કરાયા હતા. કોચી ટીમમાં ૭૫ કરોડની ઈક્વીટી માલિકીના સંદર્ભમાં પ્રશ્નો પુછાયા હતા. વસંત વિહારમાં અગાઉ પણ તેમની પૂછપરછ થઈ હતી. સુનંદાના પુત્ર શિવ મેનનની પાંચમી ફેબ્રુઆરીના દિવસે આશરે આઠ કલાક સુધી વસંતવિહાર ઓફિસમાં સીટ દ્વારા પુછપરછ કરાઈ હતી. થરુરના નોકરની પણ પુછપરછ થઈ ચુકી છે. કેસના સંબંધમાં હજુ સુધી સમાજવાદી પાર્ટીના પૂર્વ નેતા અમરસિંહ, બે પત્રકારની પણ



પુછપરછ થઈ ચુકી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુનંદા પુષ્કર મોત કેસના મામલામાં દિલ્હી પોલીસે ૧૯મી જાન્યુઆરીના દિવસે સાડા ત્રણ કલાકથી વધુ સમય સુધી પૂર્વ કેન્દ્રીય પ્રધાન શશી થરૂરની પૂછપરછ કરી હતી. વસંત વિહાર પોલીસ સ્ટેશનમાં દિલ્હી પોલીસના અધિકારીઓ દ્વારા તેમની પૂછપરછ શરૂ થઈ હતી. અગાઉ બસ્સીએ નિવેદન કરીને નવી ચર્ચા જગાવી હતી. પૂછપરછ કરનાર ટીમમાં ડીસીપી પ્રેમનાથ, એડિશનલ ડીસીપી પીએસ કુશ્વાનો પણ સમાવેશ હતો. ચાર સભ્યોની ટીમે શશી થરૂર સમક્ષ ૧૦થી ૧૫ પ્રશ્નો રજુ કર્યા હતા. દિલ્હી પોલીસ યુપીએ સરકારમાં પ્રધાન રહી ચુકેલા શશી થરૂરને સીઆરપીસીની કલમ - ૧૬૦ હેઠળ નોટીસ ફટકારવામાં આવી હતી. સુનંદા પુષ્કર હત્યા કેસના સંબંધમાં તપાસમાં મદદરૂપ થવા શશી થરૂરને કહેવામાં આવ્યું હતું.સુનંદા પુષ્કરે ઓગસ્ટ ૨૦૧૦માં શશી થરૂર સાથે લગ્ન કર્યા હતા. ૧૭મી જાન્યુઆરી ૨૦૧૪ના દિવસે સુનંદા પુષ્કર તેના મોતના એક દિવસ પહેલાં ચાણક્યપુરીમાં આવેલી લીલા હોટલમાં રોકાઈ હતી. ત્યારબાદ તેનો મૃતદેહ રહસ્યમય સંજોગોમાં મળી આવ્યો હતો. તેના મોત પહેલા સુનંદાની પાકિસ્તાન સ્થિત પત્રકાર મેહર તરાર સાથે માઈક્રોબ્લોગીંગ સાઈટ પર જોરદાર બોલાચાલી થઈ હતી. જેમાં મેહર ઉપર તેના પતિની સાથે સંબંધ સ્થાપિત કરવાનો તેના પર આક્ષેપ કરાયો હતો. શશી થરૂર હાલ કાયદાકીય ગુંચનો સામનો કરી રહ્યા છે. શશી થરૂરની હિલચાલ ઉપર દિલ્હી પોલીસ સતત નજર રાખી રહી છે. સુનંદાની પાકિસ્તાની પત્રકાર મેહર સાથે અનેક વખત બોલાચાલી અગાઉ પણ થઈ હોવાના અહેવાલ મળી ચુક્યા છે.

## સમાચાર ઝલક

- ગોધરાકાંડની આરોપીઓની અપીલની દરરોજ સુનાવણી થશે.
- રાજકોટમાં શનિવારે રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે. ૫૦૬૪ કેસ ચર્ચાશે.
- ગીરમાં ૬૬ રિસોર્ટ-હોટલ બંધ કરવા હાઈકોર્ટનો આદેશ.
- કર્ણાટકના રાજયપાલશ્રી વજુભાઈ વાળાએ ગાંધીનગરમાં રૂ. ૪૨૦૦૦ના ભાડાથી સરકારી મકાન લીધું.
- અત્યારથી વેલેન્ટાઈન પર્વ નિમિત્તે ગુલાબની કિંમતમાં વધારો થયો.
- અમદાવાદમાં ગમે તેમ સીલ મારતા મ્યુનિસિપલ કોર્પોરેશન સામે વેપારી આલમની સખત નારાજગી.
- પોરબંદરમાં આર.ટી.આઈ. એકટીવીસ્ટને કચડી નાખવાનો હિચકારો પ્રયાસ તથા હુમલા.
- ડાંગના પ્રખર ગાંધીવાદી શ્રી ઘેલુભાઈ નાયકના નિધનના ૨૫મા દિવસે પત્ની ઈન્દુમતીબેન નાયકનું અવસાન.
- બારડોલીના અંતિમ ધામમાં વિદેશમાં બેઠેલા સ્વજનો અંતિમ વિધિમાં સામેલ થઈ શકશે.
- ઝઘડિયા તાલુકાના નવ ગામોમાં ગેસ ફેલાવાની ઘટનાથી ગ્રામજનોમાં રોષ.
- ગોંડલમાં સેલટેક્ષ અધિકારીના ઘર પર મધરાત્રે પથ્થરમારો.
- રાજુલા નજીક જાનની બસ પલ્ટી ખાતાં ૩૨ જાનૈયાઓને ઈજા.
- ભારતમાં જ્વેલરી ક્ષેત્રે અમેરિકા મોટું રોકાણ કરશે.
- અમેરિકા પર ફરી બરફના તોફાનનો ભય.
- ભુમધ્ય સમુદ્રમાં સપ્ત ઠંડા પવનવાળા વાતાવરણથી ૩૦૦નાં મોત.

# બિહારમાં રાજકીય કટોકટી વધુ ઘેરી

પટણા, તા. ૧૨

બિહાર વિધાનસભામાં બહુમતિ પૂરવાર કરવા કહેવામાં આવ્યા બાદ મુખ્યમંત્રી જીતનરામ માંઝીના વફાદારો આશાવાદી દેખાઈ રહ્યા છે. ભાજપના સમર્થનથી જીત મેળવવા માટે પણ ઉત્સુક દેખાઈ રહ્યા છે. બિહારમાં રાજકીય કટોકટી વધુ ઘેરી બની ગઈ છે. પત્રકારો સાથે વાતચીત કરતા રાજ્યના પ્રધાન ભીમસિંહે કહ્યું છે કે, અમને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે, માંઝી ભાજપના ટેકાથી બહુમતિ પુરવાર કરશે. જીતનરામ માંઝીના ખાસ સમર્થકો પૈકીના એક તરીકે ભીમસિંહને ગણવામાં આવે છે. બિહારમાં રાજકીય કટોકટી અંગે પ્રતિક્રિયા આપતા જેડીયુના નેતા અને રાજ્યસભાના સાંસદ કેસી ત્યાગીએ કહ્યુંહતુંકે, ભાજપ પક્ષોને તોડવાનું કામ કરી રહ્યું છે. તૃણમુલ કોંગ્રેસ અને ઝારખંડ વિકાસ મોરચાને તોડવામાં આવી ચુક્યા છે.

જનતા દળ યુનાઈટેડના નેતા અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમારે કેન્દ્રમાં ભાજપ સરકારના ઈશારે કામ કરવાનો રાજ્યપાલ કેસરીનાથ ત્રિપાઠી ઉપર આક્ષેપ કર્યો છે. કુમારની પ્રતિક્રિયા એવા સમયે આવી છે જયારે રાજ્યપાલે જીતનરામ માંઝીને ૨૦મી ફેબ્રુઆરી સુધી બહુમતિ સાબિત કરવા સૂચના આપી છે. જેડીયુના વડાએ દિલ્હીમાં સર્વોચ્ચ સ્તરે લખવામાં આવેલી પટકથા મુજબ કરવાનો ત્રિપાઠી ઉપર આક્ષેપ કર્યો છે. કુમારે ભાજપ લીડરશીપની ઝાટકણી કાઢતા કહ્યું છે કે, બિહારમાં લોકશાહીને દબાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. બીજી બાજુ માંઝી કેમ્પે જેડીયુના વડા ઉપર આક્ષેપ કરતા કહ્યું છે કે, નીતિશકુમાર હવે ખુલ્લા પડી ગયા છે. જેડીયુ દ્વારા સભ્યોને ખરીદવાના પ્રયાસ થઈ રહ્યા છે.

# લિસ્ટેડ ફોરેન ફંડથી ૧.૭ અબજ ડોલર મળી ચુક્યા

નવી દિલ્હી,તા. ૧૨

જાન્યુઆરી મહિનામાં વિદેશી રોકાણકારો તરફથી જંગી આવક થઈ ચુકી છે. લિસ્ટેડ વિદેશી ફંડમાંથી ૧.૭ અબજ ડોલરનો ફંડ પ્રવાહ આવ્યો છે. જાન્યુઆરી મહિનામાં શાનદાર મૂડીરોકાણ થયુંછે. વિદેશી રોકાણકારો માટે ભારત પસંદગીનું માર્કેટ તરીકે રહ્યું છે. વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોએ જાન્યુઆરી મહિનામાં ભારતીય ઈક્વિટીમાં ૨.૮૭ અબજ ડોલર ઠાલવ્યા છે.

# નરેન્દ્ર મોદી વધારે સક્રિય થવાની તૈયારીમાં

નવી દિલ્હી,તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં હાર ખાધા બાદ હવે વધારે સાવધાનીપૂર્વક કામ કરવા માટે ઉત્સુક દેખાઈ રહ્યા છે. તેમના પ્રધાનો પર પણ તેઓ દબાણ વધારે તેવા સંકેત છે. વધુ લોકલક્ષી નિતીઓ જાહેર કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મોદી સરકારના કેટલાક પ્રધાનોથી નાખુશ દેખાઈ રહ્યા છે. નારાજગીનું કારણ એ છે કે આ મંત્રીઓ દ્વારા સરકારના પોતાના મંત્રાલયો દ્વારા કામકાજની વિગત આપવામાં આવી નથી. એક ટીવી ચેનલના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વડાપ્રધાનના નિર્દેશ છતાં સરકારના કેટલાક પ્રધાનોએ પત્રકાર પરિષદ યોજીને હજુ સુધી પોતાના મંત્રાલયો દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરી અંગે માહિતી આપી નથી. જે પ્રધાનોથી નરેન્દ્ર મોદી નારાજ દેખાઈ રહ્યા છે તેમાં હરસિમરત કૌર, મેનકા ગાંધી, રાધામોહનસિંહ, નજમા હેપ્તુલ્લા, ઉમા ભારતી, વીકેસિંહનો સમાવેશ થાય છે. આ પ્રધાનોને આદેશ ન પાળવા બદલ વડાપ્રધાન દ્વારા ખુલાસો માંગવામાં આવ્યો છે. મોદી પોતાની ઝીરો ટોલરેન્સ પોલીસીથી પીછેહઠ કરવા ઈચ્છુક નથી.